R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 18 •ISSUE: 07 DATE: 15-02-2014 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## મીડીયા રાજકીય દ્વેષભાવથી વર્તે છે. સીએસઆઇ ડાયરેક્ટર શ્રી વર્ગીસ

તાજેતરમાં વિજયવાડા ,આંધ્રપ્રદેશ ખાતે યોજાયેલ સિનડ કાઉન્સીલમાં બોલતા સીએસઆઈના ડાયરેકટર,(ઈકુમીનીકલ રીલેશન એન્ડ ઈકોલોજીકલ કર્ન્સન) વિજી વર્ગીસે જણાવ્યું હતું ૧૧થી ૧૪ જાન્યુઆરીના રોજ મીડીયાને જણાવ્યું હતું કે તેઓ ન્યાય અને શાંતિની તરફેણ કરતાં નથી અને ચર્ચને આવું કરવા સલાહ આપતાં રહે છે. આ તેમની વર્તણુંક સારી નથી.

તેમણે ચેન્નાઈ ખાતે એક પ્રેસમાં એક પ્રેસ પ્રતિનિધિના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે તેઓ આવનાર ચુંટણીઓમાં કોઈપણ પક્ષની જાહેરમાં તરફેણ કરશે નહી.તેમણે કહ્યું હતું કે આ બાબત અમો સ્થાનિક ડાયોસીસ અને વિસ્તારોના સ્થાનિક પ્રશ્નો સાથે સંકળાયેલ લોકો લે તેવું ઈચ્છીએ છીએ.પરંતુ સામાન્ય રીતે અમે એવા પક્ષની તરફેણ કરીશુ જે લઘુમતિના હક્કો માટે,ગરીબોના પ્રશ્નો માટે,તેમજ જરુરીયાતમંદ લોકોની તરફેણ કરે, તેમની સાથે જઈશું.

મારે ખુબજ દુઃખ સાથે કહેવું પડે છે કે મીડીયાએ અવાજ વગરના લોકોનો અવાજ બુલંદ કરવાનો હોય,અન્યાય સામે લડત આપવાની હોય, નિર્દોષોની હત્યા થતી હોય તેની સામે થવાનું હોય,તેમજ કેટલાક પક્ષોનો છુપો એજન્ડાને છાવરવાને બદલે ઉઘાડો પાડવાનું કામ કરવાનું હોય,કેટલીક સંસ્થાઓ જે દુરપયોગ માટે સમાજમાં કાર્યરત છે તેને ખુલ્લી કરવાનું કામ કરવાનું છે.મીડીયા આ કરતી નથી.

મી. વર્ગીસે જણાવ્યું હતું કે સીએસઆઈ, એ દક્ષિણ ભારતમાં સૌથી મોટુ પ્રોટેસ્ટંટ ચર્ચ છે.કે જે લઘુમતીઓનું ચર્ચ છે.લઘુમતિઓ માટેનું ચર્ચ છે અને લઘુમતીઓથી બનેલ ચર્ચ છે.નવુ નિમાયેલ ઓફીસ બોડી કાર્યરત બનશે. આ સિનડમાં બે પુસ્તકોનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

## યુ.કે માં મહિલા બિશપની નિયુક્તી માટે બંધારણ ઘડવાની કવાયત



ચર્ચ ઓફ ઈંગ્લેન્ડ જનરલ સિનોડની બેઠક મળી હતી જેમાં મહિલા બિશપ માટેનું બંધારણ ઘડવા માટેની કવાયત શરુ કરવામાં આવી હતી.નવે. ૨૦૧૨માં આ બંધારણ ઘડવામાં ભારે મહેનત છતાં નક્કર બન્યું નહોતું.પરંતુ ત્યાર બાદ ચર્ચ,બિશપ્શ,ચર્ચના અધિકારીઓએ ખુબજ મહેનત કરી મુસદો ઘડી કાઢ્યો હતો જેથી સિનોડ મહાસભામાં આ બાબતને પસાર કરી શકાય.વિરોધ કરનારાઓની સાથે ચર્ચા કરીને એવો મુસદો બનાવવામાં આવ્યો જેથી તેઓ તેને અપનાવી શકે.

આ ઉપરાંત સિનોડ પાસે બીજો પણ એક મુદો ચર્ચા માટે છે તેમાં તેમને આલ્કોહોલ માટે પોતાનો અભપ્રાય સ્પષ્ટ કરવ ાનો છે.તેમજ ચર્ચે જ્યાં પણ નાણાકીય રોકાણ કરવાનું હોય તે સમજી વિચારીને કરવાનું છે.કારણકે આ લોકોનું ફંડ છે.જાતિવાદના કારણે થતી હિંસા બાબતે પણ ચર્ચા થશે.

## શ્રીલંકામાં ચર્ચો પર હુમલા કરતાં ટોળાની નેતાગીર બોધ્ધિક સાધુઓ લે છે

તાજેતરમા થઈ રહેલ ચર્ચો પર હુમલામાં ટોળાઓની નેતાગીરી બોધ્ધિક સાધુઓ દ્વારા લેવામાં આવી રહી છે તેવા સમાચારો મળી રહ્યા છે.કોસ્ટર ટાઉન હીક્કાદુવા જે ગેલી સીટીની નોર્થમાં આવેલ છે ત્યાં મોટા ટોળા ભેગા કરીને બોધ્ધ સાધુઓએ નેતાગીરી લઈને બે ચર્ચો પર હુમલા કર્યા હતા.ચર્ચો પર હુમલાખોરો દ્વારા જણાવાયું હતું કે ખ્રિસ્તીઓ અહીયા વસવાટ કરે તે ગેરકાયદેસર છે.ચર્ચો પર થયેલ હુમલાઓ વખતે પોલીસો ત્યાં હાજર હતા અને તેમણે પાસ્ટરને હિંસા થવાનો ભય પણ બતાવ્યો હતો.પરંતુ હુમલાઓનો પ્રતિકાર તેઓએ કર્યો નહોતો.

જે બે ચર્ચો પર હુમલા કરવામાં આવ્યા તે એસેમ્બલી ઓફ ગોડ,અને કાલવરી ચર્ચ હતા. આ ચર્ચો ના બિલ્ડીંગો તોડી પાડવામાં આવ્યા હતા અને ચર્ચની અંદરની માલ મિલ્કતનો નાશ કરવામાં આવ્યો હતો.હુમલો કરનારા સવારથી તોડફોડ કરવા લાગ્યા હતા અને છેક બપોર સુધી તોમણે આ દુષ્કૃત્ય જારી રાખ્યું હતું.ચર્ચોની તોડફોડ દરમિયાન તેમણે ગેલી કોલંબોનો મુખ્ય રસ્તો રોકી રાખ્યો હતો તેથી કોઈપણ સરકારી મદદ વહારે આવી શકે નહી.સીનીયર પોલીસ ઓફીસરે બુધ્ધિષ્ટ સાધુઓને જણાવ્યું હતું કે ૧૦ ફેબ્રુઆરી સુધી આ ચર્ચો ખુલી શકશે નહી ત્યારે તેઓ ત્યાંથી ખસ્યા હતા.આ પ્રશ્નનું સમાધાન કરવા પોલીસે પ્રયત્નો કર્યા હતા. પરંતુ તેઓ માત્ર તોડફોડના દર્શકો જ માત્ર બની રહ્યા હતા.

કોલંબો ડીસ્ટ્રીકમાં ફોરસ્કેવર ગોૉસ્પલ ચર્ચ,પીટીપાના,હોમાગાના ટાઉનમાં ચર્ચોને આગ લગાડી દેવાઈ હતી. તેમજ ચર્ચના દરવાજા ઉપર ખ્રિસ્તીઓને ધમકી આપતો સંદેશો ચોટાડાયો હતો.

શ્રીલંકામાં એલટીટીઈનો ખતરો હતો તે વર્ષો બાદ ટળ્યો છે ત્યારે દેશમાં કોમવાદી પરિબળોએ ફરીથી શાંતિ ઝુટવવાનું શરુ કર્યુ છે.

## અમેરિકી પ્રમુખ ઓબામાએ કેનેથ બાય અને સઇદ અબેદીનીના છુટકારા માટે અપીલ કરી



અમેરિકાના પ્રમુખ ઓબામાએ ધાર્મિક સતાવણી માટે જેલમાં પુરાયેલ બે અમેરિકન પાસ્ટરોની મુક્તિ માટે જે તે સરકારોને વિનંતી કરી હતી.તેમણે જણાવ્યુ હતું કે અમેરિકા વિશ્વમાં વસતા તમામ લોકોના ધાર્મિક હક્કો માટે,શાંતિ માટે અને સ્વાતંત્રતા માટે પોતાની લડત જારી રાખશે.ઓબામાએ પોતાની ધાર્મિક આસ્થા અને વિશ્વાસ બાતે જણાવ્યું હતું કે તેઓનો વિશ્વાસ મક્કમ છે.વાર્ષિક નેશનલ પ્રેયર બ્રેકફાસ્ટ ,વોશીંગ્ટન ડી.સી ખાતેથી તેમણે જણાવ્યું હતું કે તેમણે નોર્થ કોરીયામાં અને ઈરાનમાં ધાર્મિક સતાવણીના રુપે જે બે અમેરિકન પાસ્ટરોને જેલમાં રાખ્યા છે તેમની મુક્ત કરવામાં આવે.

બાયએ નોર્થ કોરીયાના લોકોને તેમના કાર્યોથી મદદ કરી છે. તેઓ સતત ૧૫ટુર પ્રવાસનું આયોજન કર્યુ હતું. જેમાં મોટા ભાગના પ્રવાસીઓ અમેરિકન્સ અને કેનેડીયન હતા. આ બધાએ નોર્થ કોરીયામાં પ્રવાસ કર્યો હતો.તેમણે નોર્થ કોરીયાને આર્થિક રીતે મદદ કરી હતી.૨૦૧૨માં તેમની નોર્થ કોરીયાની સરકારે ધરપકડ કરી હતી.રાજ્ય વિરુધ્ધ કાવતરુ કરવાના આરોપસર તેમની ધરપકડ થઈ હતી.ત્યારબાદ તેમને ૧૫ વર્ષના સખ્ત મજુરીની જેલવાસની સજા ફરમાવી હતી.

પ્રેસીડેન્ટ ઓબામાએ ઈરાનની સરકારને ક્રિશ્ચિયન પાસ્ટર સઈદ અબેદાની,ઈરાનીયન-અમેરીકન પાસ્ટર,ના છુટકારા માટે અપીલ કરી હતી. તેઓને ઈરાનની ખતરનાક ગણાતી જેલમાં બંધ કરવામાં આવ્યા છે.અબેદીની આ પહેલા મુસલમાન હતા.અને ત્યારબાદ ધર્મપરિવર્તન કરીને ૨૦૦૦માં ખ્રિસ્તી બન્યા હતા.ઈરાનમાં જે મુસ્લીમો ખ્રિસ્તી ધર્મ અપનાવે છે તેમને બીજા ઈરાનીય ખ્રિસ્તીઓ સાથે પ્રાર્થના કરવા દેવામાં આવતી નથી.અબેદીની અને તેમના પત્ની નગમા,ઈરાનીય હાઉસ ચર્ચ મુવમેન્ટના ખાસ સમર્થક ગણાય છે. હાઉસ ચર્ચ એટલે કે ગેરકાયદેસર રીતે ખ્રિસ્તી લોકો સમુહમાં એકઠા મળી પ્રાર્થના કરે.૨૦૦૫મા મોહમંદ અહેમદીજાદની ચુંટણી બાદ સરકારે હાઉસ ચર્ચ મુવમેન્ટને તોડી નાંખવા માટેના પ્રયત્નો આદર્યા.પરિણામે અબેદીનીને અમેરિકા સ્થળાંતર કરવું પડ્યું.ઈરાનની તેમની મુલાકાત વખતે ઈરાનીયન સરકારે તેમની ધરપકડ કરી હતી.અને સરકારે એવુ લખાણ લીધું હતું કે તેઓ હાઉસ ચર્ચની તમામ એક્ટીવીટી બંધ કરી દેશે.૨૦૧૨માં તેમની ધરપકડ કરવામાં આવી અને દેશની સુરક્ષામાં અવરોધ કરે છે તેવા આરોપો લગાવાયા.

**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

રાજકારણમાં ઉતાર ચઢાવ આવે તે સમજી શકાય તેમ છે પરંતુ હાલમાં જે રાજકીય પરિસ્થિતિ છે તેમાં ક્યારે શુ થશે તે કળવું મુશ્કેલ છે.લોકોને બદલાવ જોઇતો હતો અને તેમણે દિલ્હીમાં થયેલ એક પ્રયોગને કંઇક અંશે સફળ કર્યો કહેવાય,કારણકે કેજરીવાલને સત્તા મેળવવાની બહુમતી તો મળી નહોતી.એવું કહી શકાય કે પ્રથમ વાર ચુંટણીમાં તેમણે ચમત્કાર સર્જ્યો.ધાર્યા કરતાં વિરુધ્ધના પરિણામો આવ્યા અને સારો દેશ ચકિત બની ગયો.ત્યાર બાદ રોજ બરોજ નિત નવી ઘટનાઓ બનતી ગઇ અને તેમની પાસે લોકો વિશેષ અપેક્ષાઓ રાખતા ગયા.પરંતુ આ સત્તાની સીડી પર ચઢી ગયા બાદ લોઢાના ચણા ચાવવાના હતા.તેમણે પ્રયત્ન કર્યો પરંતુ તેમાં તેમને લાગ્યું કે ધારી સફળતા મળશે નહી તેથી તેમણે લોકોને બલીનો બકરો બનાવીને પોતાને શુધ્ધ બહાર કાઢવાનો પ્રયત્ન કરી જોયો છે. તેમને લાગી રહ્યું છે કે દિલ્હીમાં ગાદી પર બેસીને જે કામો તે કરાવવા માંગે છે તે શક્ય નથી બનવાના.તેથી કદાચ તેઓ તેમની રણનીતી બદલીને લોકસભામાં થોડી ઘણી સીટો અંકે કરવા પ્રયત્ન કરશે અને ત્યારબાદ પોતાની લડાઇને જુદો અંજામ આપી શકે છે.પીડીત અને કચડાયેલ વર્ગને એક એવો મહાત્મા જોઇએ છે કે જે તેમને મસીહા લાગે.કોઇપણ રાજકીય પક્ષો દેશના નાગરિકોની પીડાને વાચા આપી શક્યા નથી.તેથી લોકો આપ પાછળ ઘેલા બન્યા છે.પરંતુ એ નશો કેટલોક ચાલશે તે સમય જ નક્કી કરશે. હાલમાં તો કોંગ્રેસ ટેકો પાછો ખેંચી લે તેવો કોઇ સંજોગો નથી.કેજરીવાલને તેમની કારી ફાવશે નહી તેથી પદ છોડે તો કોંગ્રેસ કહી શકશે કે તેમને સત્તા આપવા માટે ટેકો આપ્યો હતો પરંતુ તેમનાથી તે પદનો ઉપયોગ થઇ શક્યો નહી તેથી તેઓ પાછા પડયા,કોંગ્રેસે જનતાની સેવા કરવા માટે જ ટેકો આપ્યો હતો.આમ કોંગ્રેસ છટકી પણ શકે છે.

## છત્તીસગઢમાં પાસ્ટરની ૨૫ દિવસ ગેરકાયદેસર અટકાયત

પાસ્ટર લલીતકુમાર, ૩૫ વર્ષીય,જશપુર ટાઉન,છત્તીસગઢ ખાતે ગેરકાયદેસર રીતે જેલમાં ગોંધી રાખવામાં આવ્યા હતા.ગ્લોબલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયન ક્રિશ્ચિયનના જણાવ્યા પ્રમાણે પાસ્ટર લલીતકુમાર સીજીએમના પાસ્ટર તરીકે આ ગામમાં કામ કરે છે.અને નિયમિત રીતે રવિવારે પ્રાર્થના સભા ચલાવે છે.૨૯ ડિસેમ્બરના રવિવારે પ્રાર્થના સભા ચાલુ હતી ત્યારે મોટા અવાજો અને દેકારા કરતું એક ટોળું અને ચાર પોલીસમેનો ત્યાં ધસી આવ્યા હતા. અને પ્રાર્થનાસભામાંથી પાસ્ટરને બહાર આવવાની માંગણી કરી હતી.તેમની પત્ની આ લોકોને જવાબ આપવા બહાર ગઇ હતી.કારણકે પાસ્ટર આ સમયે પ્રાર્થનાસભામાં ઇશ્વરનો સંદેશો આપી રહ્યા હતા. પરંતુ આ ટોળુ આ જવાબથી નારાજ હતું.

ત્યારબાદ જયારે પાસ્ટર બહાર આવ્યા,એટલે ટોળું તેમને પકડીને દુર લઇ ગયું.પાસ્ટરની પત્નીએ આ લોકોનો પીછો કર્યો.પરંતુ તેણીને પોલીસ સ્ટેશન જવા માટે કહેવામાં આવ્યું.જયારે પાસ્ટરના પત્ની પોલીસ સ્ટેશન પહોચ્યા ત્યારે તેમણે ત્યાં જોયું કે બીજા તેમના ચર્ચના સભ્યોને જેલમાં પુરેલા હતા.પાસ્ટરના પત્ની ગર્ભવતી હતી અને તેણીને ત્રણ બાળકો પણ છે.તેણીએ થોડાક દિવસ પહેલાં જ તેના ચોથા બાળકને જન્મ આપ્યો છે.જયારે તેનો પતિ જેલમાં હતો.અને આજે પણ જેલમાં છે.પાસ્ટરની ગેરકાયદેસર અટકાયત કરવામાં આવી છે અને તેમને તાત્કાલીક છુટકારો મળે માટે પ્રાર્થના કરવા માટે અપીલ કરવામાં આવી છે.ભારત દેશ બિનસાંપ્રદાયિકતામાં માનતો દેશ છે. અને આ દેશનું બંધારણ પ્રત્યેક નાગરિકને તેનો ધર્મ પાળવાની છુટ આપે છે. પરંતુ કેટલાક કોમવાદી તત્વો જોર જુલમ કરીને દેશના કાયદાને તોડી પાડવા મથે છે.જેમાં આ તત્વોને રાજકીય પક્ષોનું પીઠબળ પ્રાપ્ત છે.

(મેક્સિકોના વિશ્વ પ્રસિદ્ધ વિચારક ઇવાન ઇલિચ જાન્યુઆરી ૧૯૭૮માં સેવાગ્રામ (વર્ધા)માં 'વિશ્વ નિર્ધન સમાજ માટે ટેકનીક' સંમેલનના ઉદ્ઘાટન માટે આવ્યા હતા. પોતાના પ્રવાસ દરમિયાન તેમણે પોતાનો મોટા ભાગનો સમય ગાંધીજીની ઝૂંપડીમાં વિતાવ્યો અને પોતાના ઉદ્ઘાટન ભાષણમાં અનોખી શૈલીમાં શાંતિ તત્ત્વનું વિવેચન કર્યુ. સં.)

મારા મિત્રો,

મહાત્મા ગાંધી જ્યાં રહેતા હતા એ ઝૂંપડીમાં હું આજ સવારથી છું. હું એમના વિચાર, દર્શન તથા સંદેશથી એક આત્મ-પ્રેરણા મેળવી રહ્યો છું. એની એક બાજુ આધ્યાત્મિક છે અને બીજી છે સાધનો-સગવડોનું મહત્ત્વ. આ ઝૂંપડીને બનાવવા પાછળ ગાંધીજીનો કયો દૃષ્ટિકોણ હતો એ સમજવાનો પ્રયત્ન કરી રહ્યો છું. એની સાદગી, સુંદરતા અને સ્વચ્છતા મને બેહદ પસંદ આવી છે. આ કુટી પ્રેમના સિદ્ધાંત અને સર્વસમભાવનો નિરંતર ઘોષ કરે છે. મને મેક્સિકોમાં જે મકાન આપવામાં આવ્યું છે, તે ઘણી રીતે આ ઝૂંપડી જેવું છે, એટલા માટે હું એના મૂળ ઉદ્દેશને સમજી શકું છું. આ ઝૂંપડીમાં સાત પ્રકારના ઓરડા છે. જ્યારે તમે દાખલ થાવ છો તો તમારાં પગરખાં ઉતારવાની એક જગા છે, જેથી તમે સ્વસ્થ ચિત્તે અંદર જઇ શકો.પછી વચમાં એક ઓરડો છે. જે એટલો મોટો છે કે એમાં એક મોટો પરિવાર રહી શકે. આજે સવારે ચાર વાગ્યે હું પ્રાર્થના માટે બેઠો તો મારી સાથે બીજા ચાર લોકો હતા, જે એક દીવાલને અડીને ઊભા હતા અને બીજી બાજુ પણ એક વિશાળ જગા હતી, જ્યાં લોકો પાસેપાસે બેસી શકે. ત્રીજો ઓરડો ગાંધીજી પોતે બેસતા અને કામ કરતા હતા, એ સિવાય બીજા બે ઓરડા હતા- એક મહેમાનો માટે અને બીજો દરદીઓ માટે. અહીં એક ખુલ્લો વરંડો અને શૌચ વગેરે માટે સ્નાનઘર પણ છે. ઝૂંપડીના આ બધા ઓરડા એક-બીજા સાથે સંકળાયેલા છે.જ્યારે હું સીધો હિન્દુસ્તાનીઓની દૃષ્ટિએ વિચારું છું, તો મને લાગે છે કે કોઇ ધનવાન માણસ આ ઝૂંપડીમાં આવે, તો એની મજાક ઉડાવે. આ ઝૂંપડી કરતાં મોટા મકાનની કોઇને આવશ્યકતા હોય એવું મને લાગતું નથી. આ ઝૂંપડી વાંસ અને માટીના ગારાથી બની છે, એનું નિર્માણ લોકોના હાથે થયું છે, મશીનથી નહીં. હું એને ઝુંપડી કહી રહ્યો છું. પરંતુ વાસ્તવમાં એ ઘર છે. ઘર અને આવાસમાં અંતર હોય છે. જ્યાં માણસ પોતાનાં બિસ્તરાપોટલાં અને ફર્નીચર વગેરે રાખે છે, તે આવાસ કહેવાય છે. ત્યારે એની સુરક્ષા અને ફર્નીચર વગેરેનું ધ્યાન માણસ કરતાં વધારે રાખવું પડે છે. દિલ્હીમાં મને જ્યાં રાખવામાં આવ્યો હતો, તે આવાસ હતો, કારણ કે એમાં અનેક પ્રકારની સગવડો હતી. સિમેન્ટ અને લોખંડથી બનેલો આવાસ પેટી જેવો હોય છે. જેમાં ફર્નીચર અને અન્ય સામાન રહે છે. આ શાન મેળવવા માટે આપણે આખું જીવન ખર્ચી નાખીએ છીએ. તોપણ એનાથી આપણને આંતરિક તાકાત મળતી નથી. કહેવાનો અર્થ એ છે કે આ સામાન વ્યક્તિને અપંગ બનાવી દે છે. એટલે કે જેટલી વધારે સગવડો એટલી નિર્ભરતા વધે છે. ત્યારે આપણું જીવન બંધિયાર અને સીમિત થઇ જાય છે. જયારે હું ગાંધીજીની ઝૂંપડીમાં મૂકેલા ફર્નીચરને જોઉં છું, ત્યારે એની પર નિર્ભર રહેવું પડતું હોય એમ લાગતું નથી. બધા પ્રકારની સગવડોથી ભરપૂર આવાસથી એ નક્કી થઇ જાય છે કે આપણે દુર્બળ બની ગયા છીએ. આપણામાં જીવનશક્તિનો હ્રાસ જેટલો થાય છે, એટલા જ આપણે વસાવેલા સામાન પર નિર્ભર બનતા જઇએ છીએ. જનસમુદાયના આરોગ્ય માટે. હૉસ્પિટલ પર નિર્ભર રહીએ છીએ કે બાળકોના શિક્ષણ માટે સ્કૂલોનો આશ્રય લઇએ છીએ. હૉસ્પિટલ અને સ્કૂલ દેશના લોકોનું આરોગ્ય અને શિક્ષણનું પ્રતિબિંબ બને એ સૌભાગ્ય સૂચક નથી. વાસ્તવિકતા તો એ છે કે મોટી સંખ્યામાં હૉસ્પિટલો હોવી, એ લોકોની રોગિષ્ઠ દશા દર્શાવે છે. અને વધારે સ્કૂલોથી અજ્ઞાનની ઝલક મળે છે. ઠીક એ રીતે જીવનમાં સગવડોના બાહુલ્યથી માનવીય જીવનમાં સૃજન ક્ષમતાની ઊણપ દેખાય છે.

વધારેમાં વધારે સગવડોથી યુક્ત લોકોને ઉચ્ચ કોટિમાં ગણવામાં આવે છે એ દુર્ભાગ્યની વાત છે. જેમાં રોગને વધારે મહત્ત્વ આપવામાં આવે અને કૃત્રિમ પગવાળા લોકોને ઊંચા માનવામાં આવે એવા સમાજને નીતિવિહીન નહીં માનવામાં આવે? ગાંધીજીની આ ઝૂંપડીમાં બેસીને આ પ્રકારની વિકૃત વિચારધારા વિષે વિચારીને હું દુ:ખી થઇ ગયો છું. હું એ નિર્ણય પર પહોંચ્યો છું કે ઔદ્યોગિક સભ્યતાને માનવ વિકાસ માટે પ્રશસ્ત માર્ગ માનવો બિલકુલ ખોટું છે. આર્થિક ઉન્નતિ માટે ઉત્પાદન વધારનારા મોટા મોટા મશીનો અને વધારે એન્જિનિયરો, ડૉક્ટરો અને પ્રોફેસરોની આવશ્યકતા નથી એ સિદ્ધ થઇ ચૂક્યું છે. મને પાકો વિશ્વાસ થઇ ગયો છે કે આવા લોકો દિલ અને દિમાગથી દુર્બળ હોય છે. એમની જીવનશૈલી એવી હોય છે કે તેઓ ગાંધીજીની આ ઝૂંપડીથી મોટી વિશાળ જગામાં રહેવાનું પસંદ કરે છે. મને એમના પર દયા આવે છે. એમણે પોતાની આ રહેણીકરણીથી પોતાને સંપૂર્ણ પરાશ્રિત કરીને જડ મકાન માટે સ્વયંને પણ જડવત્ બનાવી દે છે. જીવનક્રમમાં એમના શરીરનું લચીલાપણું અને જીવન શક્તિ નષ્ટ થઇ જાય છે, એમનો કુદરત સાથેનો સંબંધ તૂટી જાય છે અને સાથેના લોકોથી અંતર વધી જાય છે.

આજના યોજનાકારોને હું કહું છું કે ગાંધીજીની સાદી-સીધી, સરળ વિચારધારાને કેમ ગ્રહણ નથી કરતા? એમનો ઉત્તર હોય છે કે ગાંધીજીનો માર્ગ બહુ જ કઠણ છે અને સામાન્ય લોકો એને અપનાવવા માટે અસમર્થ છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ગાંધીજીના સિદ્ધાંતમાં કોઇ પણ વચેટિયાને સ્થાન નથી. કેન્દ્રીયકૃત પ્રણાલીને એ સહન નથી કરતા. સત્ય અને અહિંસાનો સીધો સાદો નિયમ પણ સમજમાં નથી આવતો એ કેવી વાત છે? લોકો પોતાના લક્ષને પામવા માટે અસત્ય અને હિંસાને સાચી માને છે એ તર્ક શું સાચો છે? એવું નથી. સામાન્ય માણસ સારી રીતે સમજે છે કે સાચા સાધનોથી જ સાચું લક્ષ મેળવી શકાય છે. એ તો કેટલાક સ્વાર્થી લોકો છે, જેઓ આ દર્શનને સમજવા માટે મોં ફેરવી લે છે. ધનવાન લોકો ક્યારેય પણ આ સમજવાના નથી.

જ્યારે હું ધનવાન લોકો કહું છું ત્યારે તેનું તાત્પર્ય એ છે કે એ લોકોએ એવી જીવનની બધી સગવડો મેળવી લીધી છે, જે સામાન્ય માણસ માટે ઉપલબ્ધ નથી. એમની રહેણી-કરણી, ખાણી-પીણી, હરવું-ફરવું અને ઉપભોગની પદ્ધતિ એવી છે કે તેઓ સત્યને ઓળખવાની.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવકાન્તિ સાપ્તાહિક 9825169386

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# સાધુના સ્વાંગમાં રહેતા શેતાનોને કોણ રાહ દેખાડશે

ભારત દેશની સંસ્કૃતિમાં સન્યાસ લેનારા સંન્યાસીઓને ખુબજ માનપુર્વક જોવામાં આવે છે.સંસારની તમામ પ્રકારની મોહમાયામાંથી મુક્તિ પામીને પોતાને અલગ કરી દેનારને સમાજ માનભેર નિહાળે તેમાં કશું ખોટું નથી. પરંતુ હાલમાં જેટલા સંન્યાસીઓના પ્રકરણો જોવા મળ્યા તેઓ સંન્યાસીના વેશમાં શેતાનો લાગી રહ્યા છે.જેણે પોતાની તમામ ઈન્દ્રીયો પર કાબુ મેળવ્યો છે તે સંન્યાસી. આ કહેવાતા સંન્યાસીઓએ તો માત્ર કપડાં જ સાધુના પહેર્યા છે.બાકી તો તેમણે ધર્મની આડમાં લોકોને લુંટ્યા છે.પોતાના ધંધા રોજગાર વિકસાવ્યા છે.કરોડોમાં તેમની સંપત્તિઓ ગણાય છે.કેટલાક સાધુઓએ આર્યુવેદીક પધ્ધતિએ દવા બનાવવાનો ધંધો વિકસાવ્યો છે તેમાં ખરેખર એવી ક્વોલીટીની કોઈ દવાઓ નથી જે ફાયદો કરી શકે.માત્ર ચારસો વીસી કરીને લોકોને ઉલ્લુ બનાવ્યા છે.સમાજના કેટલાક આગળ પડતા લોકો,રાજકીય નેતાઓ,પોલીસ વગેરની છત્રછાયાએ આ તમામ સાધુઓએ દેશમાં એક ભુકંપ મચાવ્યો છે.આશારામ નામના સાધુએ અને તેમના પુત્રના કૌભાંડો જાહેર થયા બાદ લોકોમાંથી તેમના પ્રત્યે આદર ઘટ્યો છે.પરંતુ હજુ પણ તેમનામાં અંધ વિશ્વાસ ધરાવનારા લોકોનો તોટો નથી.અને હજારોની સંખ્યામાં આ દેશની અશિક્ષિત પ્રજા ઘસડાઈ રહી છે.તે આપણે જોઈ રહ્યા છે. પરંતુ કોઈ અન્ય ધાર્મિક નેતાઓ અને કહેવાતા આગેવાનો આગળ આવીને લોકોને સાચી વાત કેમ સમજાવતા નથી.કોર્ટમાં તો જ્યારે તેઓ ગુનેગાર સાબિત થાય ત્યારની વાત અલગ છે અને તે માટે એક લાંબો સમય વહી જવાનો છે.વિશ્વ હિંદુ પરિષદના નેતાએ આશારામની ધરપકડ સામે આક્રોસ વ્યક્ત કરતાં કહ્યું હતું કે હિંદુ સમાજ ઉપર આશારામની ધરપકડ કરીને હિંદુ સમાજનું અપમાન કર્યું છે.પરંતુ જે કાંઈ સત્ય બહાર આવ્યું છે ત્યાર બાદ આ હિંદુ સમાજના નેતા ચુપ થઈ ગયા છે.તેમણે ખરેખર લોકોને આ બાબતે જણાવવું જોઈએ.

ગીતામાં કહ્યુ છે કે ફળની ઈચ્છાથી કરાતાં કર્મોના ત્યાગને જ્ઞાનીઓ 'સંન્યાસ ' કહે છે. અને સર્વ કર્મોના ફળના ત્યાગને વિવેકીઓ 'ત્યાગ' કહે છે. માત્ર વાસનાના કર્મોનો ત્યાગ પુરતો નથી, પણ જે ફળ મળ્યુ છે અથવા મળવાનું છે, એનો પણ ત્યાગ થવો જોઈએ.માણસના મનમાં કોઈપણ વસ્તુની ઈચ્છા થાય, ભોગ કે સ્વાદ માટે થોડી પણ લાલસા જાગવી જોઈએ નહીં. માણસની તૃષ્ણાનો કોઈજ પાર નથી.એ હંમેશા વધતી જ રહે છે. એને રોક લગાવી શકે, એ સંન્યાસી બની શકે છે.જો કે કોઈ પણ વસ્તુનો ત્યાગ કરવો એ મોટી બાબત નથી.પણ એના વિશેની સાચી સમજ જ્ઞાન થવુ જોઈએ. લોભને થોભ હોતો નથી.માણસ જેમ વધારે ભેગુ કરી એમ એની ઈચ્છા વધતી જાય છે.મન કાબુમાં રહેતુ નથી. કેટલાંક લોકો તો પોતાના લોભને પુરો કરવા માટે ભગવાં ધારણ કરતાં હોય છે. એ સંન્યાસી નહી. પણ બદમાશી કરતાં હોય છે.જ્યારે બધી વસ્તુઓ પ્રત્યેની ઈચ્છા મનમાં ન રહે ત્યારે સંન્યાસ લેવો જોઈએ.નહીતર માણસ પાપી બની જશે.સંન્યાસીના મનમાંથી મોહમાયાનો કચરો સાફ થઈ જવો જોઈએ. જેના કાબુમાં બાહ્ય કે આંતરિક ઈન્દ્રીયો જ ન હોય એ સંન્યાસી બનીને શું કરે ? આજે મોટા ભાગે ભગવાં વસ્ત્રોનાં ઓઠા નીચે પોતાની ઈચ્છાઓની તૃપ્તિ કરતાં હોય છે. થોડા સમય માટે,સંસાર અસાર છે.એવી ભાવના પ્રબળ બને,એવા સમયે સંન્યાસી બની જવાથી શું વળે ?સંન્યાસ તો આંતર ચેતનામાંથી પ્રગટવો જોઈએ. કેટલાંકને 'સ્મશાન વૈરાગ્ય'થતો હોય છે.પણ એના કારણે બાવાનાં બેય બગડતાં હોય છે.

જે બુધ્ધિશાળી છે, એ સમજપુર્વક કાર્ય કરતો હોય છે. જ્યાં સુધી એને જ્ઞાન ન થાય, એષણાઓથી અલિપ્ત ન બને,મનને કાબુમાં રાખી ન શકે ત્યાં સુધી તેને સંન્યાસી બનવાનો શો અર્થ ? પ્રવૃત્તિ કર્મનુ લક્ષણ છે. જ્ઞાન સંન્યાસનુ લક્ષણ છે. તેથી જ્ઞાનને પ્રાથમિકતા આપીને બધ્ધિશાળી સંન્યાસ ગ્રહણ કરે છે. સમજ વગરનો સંન્યાસ એન્જિન વિનાની ગાડી જેવો છે. સંન્યાસી તો સંયમી હોવો જોઈએ. એ મનનો, વચનનો,કાયાનો અને જરૂરીયાતોનો સંયમી જોઈએ. કોઈ અપેક્ષા ન હોય,ભોગવવાની ઈચ્છા થવી ન જોઈએ. એક વાત દીવા જેવી છે કે,જેને સત્ય સમજાઈ જાય છે, સંન્યાસનો ઉત્કટ ભાવ અંદરથી પ્રગટે છે.એ સંસારમાં રહી શકતો નથી. જેસૌની વચ્ચે હોય, પણ એમાંથી એને કંઈ જ સ્પર્શતુ ન હોય,કોઈએ સાચુ કહ્યુ છે કે જે બ્રહ્મચારી રહ્યો નથી, ગૃહસ્થ બન્યો નથી, જેને વાનપ્રસ્થ ગ્રહણ કર્યુ નથી તે સંન્યાસી કેવી રીતે બની શકે ?સંન્યાસી બનવા માટેના જે પગથિયા છે, એ જે ચડયો જ નથી એને સંન્યાસ કેવો ?

ગાંધીજીએ કહ્યુ છે 'સંસારમાં રહેતો હોવા છતાં સેવા-ભાવ અને સેવા માટે જ જે જીવે છે એ સંન્યાસી છે 'પરોપકાર એ મોટી સેવા છે. જેના મનમાં કોઈ પણ પ્રકારના બદલાની ભાવના હોતી નથી, કંઈ મેળવવાની અપેક્ષા હોતી નથી,છતાં પણ જે સેવા કરે છે,કોઈની કકળતી આંતરડી ઠારે છે, એ સંન્યાસી જ કહેવાય ને ?જે મન વચન અને કર્મથી શુધ્ધ છે, દગાખોર નથી, અનિષ્ટ કે અનીતિ કરતો નથી,જુઠ્ઠુ બોલતો નથી, નમ્ર છે, પ્રેમથી સૌની સાથે જીવે છે,વિનય વિવેક જેનામાં ભારોભાર છે , બીજાના દુ:ખે દુખી થાય છે, જે બીજના આંસુ લુંછવામાં અગ્રેસર હોય છે. એ સંન્યાસી છે.

મહાભારતમા કહેવાયુ છે કે 'જે માણસ ન તો કોઈનોય દ્વેષ કરે છે કે ન તો કશાની આકાંક્ષા કરે છે, તે કર્મયોગી સદા સંન્યાસી જ સમજવા યોગ્ય છે, કેમકે રાગ દ્વેષ વગેરે દ્વન્દો વિનાનો માણસ સુખપુર્વક સંસારના બંધનમાંથી મુક્ત થઈ જાય છે. 'જેને કોઈ પણ પ્રકારના બંધન નડતાં નથી. એ સંન્યાસી છે.જેના મનમાં કોઈના પ્રત્યે તિરસ્કાર કે ધિક્કારની લાગણી નથી.ગીતામાં કહેવાયુ છે કે કર્મયોગ વિના સંન્યાસ પ્રાપ્ત થવો મુશ્કેલ છે.જેનુ મન પોતાને વશ છે, જે જિતેન્દ્રીય છે, જેનુ અંતઃકરણ વિશુધ્ધ છે તથા સઘળા પ્રાણીઓના આત્મા સ્વરુપ પરમાત્મા જ જેનો આત્મા છે, એવો કર્મયોગી કર્મ કરતો હોવાં છતાં તેનાથી લેપાતો નથી ,જેને દુન્યવી કશુંજ સ્પર્શતુ નથી. સંન્યાસી આશ્રમ કે મઠ કે મંદિર બનાવતો નથી. એને તો આખુ વિશ્વ એક આશ્રમ જ હોય છે.વેદવ્યાસે મહાભારતના શાંતિ પર્વમાં કહ્યુ છે કે 'સંન્યાસી ક્યારેય અગ્નિની સ્થાપના કરતો નથી અને ઘરે કે મઠ બનાવીને રહેતો નથી, માત્ર ભિક્ષા લેવા માટે જ ગામમાં જાય છે 'આશ્રમો, મઠો કે મંદિરો બનાવે છે એ સંન્યાસી હોતા નથી.એ તો આશ્રમોના નામે આમદાની એકઠી કરવાવાળા હોય છે. એમને અને સંન્યાસને બાર ગાઉનુ છેટું હોય છે.આજે તો આપણે જાણીએ છીએ કે ભગવાધારીઓમાં જેટલા ઝગડા હોય છે, એટલા સંસારીઓમાં હોતા નથી.એક પણ આશ્રમ-મઠ કે મંદિર એવું નહી હોય કે જેના માટે ઝગડા ન હોય. તો લડનારા સંન્યાસી કેવા ?એમને સંન્યાસી કહેતાં આપણને શરમ આવે છે.જેને કોઈ તૃષ્ણા જ નથી,કશી જ અપેક્ષા નથી,માત્ર શાસ્ત્ર પ્રમાણે જીવે છે. એને પામીને મોક્ષનો માત્ર માર્ગ શોધે છે એ સંન્યાસી છે.

સંન્યાસી શું કરે ? ઈલ્લીસ જાતક માં કહ્યુ છે ' જેવી રીતે ભ્રમર ફુલના રંગ અને સુગંધને હાનિ પહોચાડ્યા વિના રસ મેળવે છે એવી રીતે સંન્યાસી ગામમાં વિચરણ કરે છે, કોઈનો નડતરરૂપ બનવુ એ સંન્યાસીનુ લક્ષણ નથી પણ બીજાનો મદદરૂપ બનવુ,કોઈની સેવા કરવી,કોઈને ઉપયોગી થવુ અને દરેકને સાચો માર્ગ બતાવવો એ સંન્યાસીનુ કર્તવ્ય છે. 'આપણે જાણીએ છીએ કે સંન્યાસીનો માર્ગ ખાંડાની ધાર પર ચાલવાનો છે. સળગતા અગ્નિમાં પસાર થવાની પ્રક્રિયા છે. એમાં જે ચાલવાની ક્ષમતા ધરાવે છે એ કંઈક મેળવી શકે છે.

સંન્યાસ એ શુરાઓનો માર્ગ છે.કાયરોનુ કામ નથી.જે માણસ આસક્તિઓમાં રચ્યો પચ્યો રહેતો હોય,વાસનાઓ જેને છુટતી ના હોય, વિષયોથી અલિપ્ત થઈ શકતો ન હોય અને સ્વાદના જેને ચટકા હોય એ સંન્યાસી કેવો ? ભગવાં ધારણ કરીને નીકળી પડવાથી સંન્યાસી બની જવાતું નથી. સંન્યાસીનુ હ્રદય પણ ભગવા રંગે રંગાવુ જોઈએ. જે સાચા સંન્યાસી છે એમનો ગૃહત્યાગની જરૂર નથી.ધારો કે ગૃહત્યાગ કરે તો એમને પાછળનુ કોઈ વળગણ રહેતુ નથી.જે સંન્યાસી બનીને મોહ-માયામાં લપટાયેલો રહે છે, એને નમન કરવાં એ પાપના ભાગીદાર બનવા બરાબર છે. મહાત્મા ગાંધી તો સત્યને જ ઈશ્વર માને છે. એવા લોકોના મનમાં કોઈ ધર્મના વાડા નથી હોતા.બધા જ ધર્મો સમાન હોય છે. એમણે કહ્યુ છે કે " સંન્યાસી હિન્દુ ધર્મનો જ નહીં બધા જ ધર્મોનો છે.' સંન્યાસીના મનમાં ભેદભાવ હોઈ ન શકે. જ્યાં ભેદભાવ છે ત્યાં સંન્યાસ નથી. ટોલસ્ટોયે ક્યાંક નોધ્યું છે ' પહેલાં સોનાના સંન્યાસી અને લાકડાના કમંડળ હતા અને અત્યારે સોનાના કમંડલ અને લાકડાના સંન્યાસી છે 'અત્યારે કહેવાતા સંન્યાસીઓ ધન-દોલતમાં આળોટે છે. એવા સંન્યાસીઓથી દુર રહેવુ જોઈએ. કારણકે સાચા અર્થમાં એ ઠગ જ ગણાય`છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.


**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# અલકાયદાના મુખીયા જવાહરીએ મુસ્લીમોને આદેશ જારી કર્યો કે પહેલા ઇજીપ્તની સરકારને નાબુદ કરો અને ખ્રિસ્તીઓની સતાવણી બંધ કરો



અલ-કાયદાનાના હાલના મુખ્ય લીડર આયમાન અલ-જવાહરીઅ જે એક ઈજીપ્શીયન ફીઝીશ્યન છે,તેમજ નોર્થ અમેરીકા, એશીયા,આફ્રીકા અને મીડલ ઈસ્ટમાં કરવામાં આવતા આતંકી હુમલાઓ પાછળ જવાબદાર વ્યક્તિ અને ઓસામા બિન લાદેનની અમેરિકનોએ કરેલ હત્યા બાદ અલ-કાયદાની નેતાગીરી સંભાળનાર,અમેરિકામાં ૯-૧૧ના હુમલા માટે માસ્ટર માઈન્ડ ગણાતા વ્યક્તિએ તેમના અનુયાયીઓને આદેશ કર્યો હતો કે દેશમાં વસતા ખ્રિસ્તીઓની સતાવણી બંધ કરો કારણકે તેનાથી આપણી અમેરિકા દ્વારા સ્થાપિત કરાયેલ અલ-સીસી ઈસ્લામીક સરકાર (જન. અબદેલ ફતેહ)સામેની લડતમાં રુકાવટ આવે છે.અને ખ્રિસ્તીઓ સામે લડવામાં આપણે વ્યસ્ત બની જઈએ છીએ.એસોસીયેટેડ પ્રેસે એક ઓડીયો મેસેજ વેબસાઈટ ઉપર પોસ્ટ કરવામાં આવ્યો હતો તેના સંદર્ભમાં આ બાબત જણાવી હતી.

જુલાઇ ૨૦૧૩માં, ઈજીપ્ત મીલીટરીએ પ્રેસિડેન્ટ મોહમંદ મોરસીની સરકારને સત્તા પરથી પદભ્રષ્ટ કરી હતી.કે જે મુસ્લીમ બ્રધરહુડના સભ્ય હતા અને ચુંટણીમાં ચુંટાયેલ વ્યક્તિ હતા.મોરસીને સત્તા પરથી પદભ્રષ્ટ કર્યા બાદ મોરસીના અનુયાયીઓએ કોપ્ટીક ક્રિશ્ચિયનોને નિશાન બનાવ્યા હતા.કારણકે કેટલાક કોપ્ટીક ખ્રિસ્તી નેતાઓએ મોરસી વિરુધ્ધ તેમના વિચારો સ્પષ્ટ કર્યા હતા.ગત ઉનાળામાં સાઉર્થન ઈજીપ્તમાં ઈસ્લામીક બળોએ કબજો જમાવ્યો હતો પરંતુ પાછળથી સરકારે કબજો મેળવ્યો હતો.ઓગષ્ટમાં ઈસ્લામીસ્ટોએ ૭૦ જેટલા ચર્ચો બાળ્યા હતા,અનેક ખ્રિસ્તી સંસ્થાઓને નુકશાન પહોચાડ્યું હતું. તેમજ ખ્રિસ્તીઓની હત્યા કરી હતી.બે મહિના બાદ બે બંધુકધારીઓએ ખ્રિસ્તી લગ્નમાં આડેધડ ગોળીબારી કરીને કેટલાક ખ્રિસ્તી જાનૈયાઓની હત્યા કરી હતી.અલ- જવાહરીએ જણાવ્યું હતું કે ખ્રિસ્તી સમુદાય પર કરવામાં આવેલ અત્યાચારોની પશ્ચિમમાં વસતા મુસ્લીમો પર ખરાબ અસર ઊભી કરી છે.આપણે ખ્રિસ્તીઓ સાથે યુધ્ધ કરવા માંગતા નથી.જેથી પશ્ચિમમાં વસતા મુસ્લીમો આપણને આવી બાબત માટે ખરાબ ચીતરે તે પણ યોગ્ય નથી.જેથી ભુતકાળમાં જે બન્યું તે હવેથી બનવું જોઈએ નહી તેવો આદેશ જારી કર્યો હતો.

જવાહરીએ જાહેર કરેલા આ એલાનથી ઈજીપ્તમાં ખ્રિસ્તીઓ વિરુધ્ધ સતાવણીમાં હાલ પુરતી શાંતિ સ્થપાય તેવા સંકેતો ઉભા થઈ રહ્યા છે.જો કે હવે સરકારની વિરુધ્ધ લડતા પરિબળોને સમજાયું છે કે તેમની લડાઈ ખોટી દિશામાં ચાલતી હતી.ખ્રિસ્તીઓની કે જેઓ તેમનાજ દેશ બાંધવો છે તેમની હત્યા કરવાથી તેઓ અમેરીકાના પ્રેરક બળથી ચાલતી સરકારને તગેડી મુકી શકે તેમ નથી.જેથી હાલ પુરતો ખ્રિસ્તીઓનો હિજરતી કાર્યક્રમમાં રોક લાગી શકે છે. તેમજ ખ્રિસ્તી સંસ્થાઓ ભયમુક્ત બની શકે છે.મોહમંદ મોરસીની ફરીથી સરકાર રચાય તેવા ઉજળા સંજોગો હાલ પુરતા દેખાતા નથી.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧




# સીરીયામાં ખ્રિસ્તીઓને ઇસ્લામીક આતંકવાદીઓ દ્વારા નિશાન બનાવાય છે.: ખ્રિસ્તી નેતાઓનો આક્રોશ

સીરીયન ખ્રિસ્તીઓના નેતાઓ વોશિંગ્ટન ડી.સી.ના ગત સપ્તાહે લીધેલ મુલાકાત સમયે જણાવ્યું હતું કે સીરીયામાં ઈસ્લામીક આતંકીઓ દ્વારા ખ્રિસ્તીઓને નિશાન બનાવાઈ રહ્યા છે.બાર્નાબાસ ફંડ અને વેસ્ટમીનીસ્ટર ઈન્સ્ટીટ્યુટ ઈન યુએસ દ્વારા આ મુલાકાત સ્પોન્સર કરવામાં આવી હતી.આ મુલાકાત દરમિયાન તેઓ એક ચર્ચામાં ભાગ લેવાના હતા. હેરીટેજ ફાઉન્ડેશન દ્વારા,યોજાયેલ ચર્ચામાં મુખ્ય મુદ્રાલેખ ડીસ્ટ્રકશન ,ધ પ્લાઈટ ઓફ સીરીયાઝ ક્રિશ્ચિયન હતો.૨૦૧૩માં સીરીયામાં ૧૨૦૦ ખ્રિસ્તીઓની બહેરમીથી હત્યા કરવામાં આવી હતી, તે બાબતે ચર્ચાયું હતું.૬ લાખ ખ્રિસ્તીઓ સીરીયા છોડી ગયા હતા. હજુ ઘણા બધા ખ્રિસ્તીઓ સીરીયામાં છે.પરંતુ તેઓ હિંસાના ઓથાર નીચે જીવી રહ્યા છે.તેમજ અન્ય લોકો ની જેમ પુષ્કળ મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે.,સીરીયામાં ચાલી રહેલ લડાઈમાં ૩૦ થી ૪૦ ટકા ચર્ચોનો સફાયો થઈ ગયો છે તેવું બાર્નાબાસ ફંડે જણાવ્યું હતું.

# સુદાનમાં શાંતિ સ્થપાય તેવી આશા રખાય છે : વર્લ્ડ વિઝન

સુદાનમાં ચાલી રહેલ હિંસક બનાવોમાં શાંતિ સ્થાપવા માટેના પ્રયત્નો ચાલી રહ્યા છે. પરંતુ તાજેરતમાં મળેલા નવા આંકડાઓ મુજબ દસ હજારથી વધુ લોકો હિંસાનો ભોગ બન્યા છે.આ પહેલા યુ.એન. તરફથી પ્રસિધ્ધ થયેલ આંકડાઓ માત્ર એક હજાર જ હતા.નવા આંકડાઓ અશાંતિની ચરમસીમા દર્શાવે છે.૧૫ ડિસેમ્બરથી ચાલુ થયેલ આંતરીક લડાઈ કેપીટલ સીટી જુબાથી શરુ થઈ હતા.જેમાં પ્રેસિડેન્ટ સલ્વા કીરના વફાદાર સૈનિકો પર હુમલો માજી ડેપ્યુટી રીક મંચરના સર્મથકો દ્વારા કરવામાં આવ્યો હતો.અને જોત જોતામાં આ હિંસક ઘટનાઓ સારા દેશમાં ફેલાઈ ગઈ હતી.તેમજ આ હિંસક ઘટનાઓએ જાતિવાદનું સ્વરુપ ધારણ કરી દીધુ હતું.બે રાજકીય નેતાઓ જુદી જુદી જાતિઓમાંથી આવે છે.દિનકા અને નુએર અને આ બે જાતિઓ હવે ઉગ્ર સ્વરુપે લડી રહી છે. બે સીવીલ વોરમાંથી પસાર થયા બાદ,રાજકીય નેતાગીરીનો અસંતોષે ફરીથી દેશમાં હિંસક વારદાતો ઉભી કરી દીધી છે.

ડેવીડ થોમસન,ડીરેકટર ઓફ પોલીસી અને પ્રોગ્રામ ફોર વર્લ્ડ વિઝન,કે જેમની ટીમ સાઉથ સુદાનમાં છે તેમણે જણાવ્યું હતું કે હાલમાં ચાલી રહેલ સંઘર્ષમાં ભવિષ્યમાં શાંતિ સ્થપાય તેવી આશા રખાય છે.ક્રિશ્ચિયન ટુડે ને તેમણે આ બાબતે જણાવ્યું હતું.



તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.